રજુ તારીખ : ૧૮/૦૮/૨૦૧૭
નોંધ્યા તારીખ : ૧૮/૦૮/૨૦૧૭
ફેંસલ કર્યા તારીખ: ૦૯/૦૯/૨૦૧૯
સમય ગાળો:– <u>૦૨ વર્ષ ૦૦ માસ ૨૨ દિવસ.</u>

सत्यमेव जयते

**અમદાવાદ(ગ્રામ્ય)જિલ્લાના મહે. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુ.અમદાવાદ.**

District & Sessions Court Ahmedabad(Rural)

**<u>સેશન્સ કેસ નંબર : ૧૫૦/૨૦૧૭</u>**

**<u>આંક –</u>**

ફરિયાદી : સરકારશ્રી,

**વિરુધ્ધ**

આરોપી : રહીમ ઉર્ફે મહેબુબભાઈ અહમદભાઈ
રહે. ચંન્દપુર, ભાટીયા સોસાયટી, વાંકાનેર,
તા.વાંકાનેર, જી.મોરબી.

**તહોમત : <u>ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯, ૩૦૪, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ</u>**

---

ફરિયાદ પક્ષે વિધ્વાન પી.પી. શ્રી ટી. પી. ચુડાસમા.
આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી એસ. એન. બારોટ.

---

**<u>:: ચૂકાદો ::</u>**

૧. ફરીયાદ પક્ષની ટૂંકમાં વિગત એવી છે કે,

આ કામના આરોપીએ પોતાની ટ્રક નં. જી.જે. ૩૬ ટી–૮૪૫૧ ની પૂરઝડપે ચલાવી સામેથી આવતા વાહન સાથે ભટકાશે તો માનવ જીંદગી જોખમાશે તેવું જાણતો હોવા છતાં પૂરઝડપે ચલાવી રોંગ સાઈડ જઈ સામેથી આવતી ટાટા લોડીંગ ગાડી નંબર જી.જે.૩ એ.એકસ–૫૫૩૪ સાથે ભટકાડી ટાટા લોડીંગ ગાડીમાં બેઠેલ શાહેદ દેવરાજ હકકાભાઈ તથા નીતીન ભુપતભાઈ તથા ફરીયાદી જીતેશભાઈ

પ્રેમજીભાઈ કોળી પટેલ (સાકળીયા)ને નાની મોટી ઈજા કરી ફ્રેકચર કરી તેમજ શાહેદ જગદીશભાઈ બાબુભાઈ, સાગરભાઈ માવજીભાઈ, દામજીભાઈ વેડાભાઈ, દીલીપભાઈ ભલાભાઈ, મેહુલભાઈ ભુપતભાઈ, જયેશભાઈ ભલાભાઈ, જયેશભાઈ ભુપતભાઈ, લાલો શીવાભાઈ, રમેશભાઈ ભીખુભાઈ, જયદીપભાઈ હરજીભાઈ, સંજયભાઈ વીનુભાઈ, જીતેશભાઈ માવજીભાઈ, રસિકભાઈ સવજીભાઈ, શીવાભાઈ અંબાભાઈ આમ ચૌદ જણાને શરીરે ઈજાઓ કરી સ્થળ ઉપર મોત નિપજાવી ટ્રક મુકી નાસી જઈ તથા ઈજા પામનાર દિપક ઉર્ફે દેવનું સારવાર દરમ્યાન મોત નિપજાવી ઈ.પી.કો. કલમ– ૨૭૯, ૩૦૪, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો ગુન્હો કરેલ છે.

૨. સદરહુ કામની ફરીયાદ ફરીયાદી જીતેશભાઈ પ્રેમજીભાઈ કોળીપટેલ (સાકળીયા), રહે.સોખડા,તા.જી.રાજકોટનાએ આપતાં તે બાબતે કોઠ પોલીસ સ્ટેશનમાં ગુન્હા રજી. નં. ફર્સ્ટ ૬૪/૨૦૧૬ થી ગુન્હો દાખલ કરવામાં આવેલો અને તેની તપાસ તપાસ કરનાર અમલદાર પો.સ.ઈ. શ્રી એ.બી.વોરાએ શરૂ કરેલી અને તેઓએ અકસ્માતવાળી જગ્યા પર ગયેલ જયાં મરણજનારની લાશોનું ઈન્કવેસ્ટનું પંચનામુ કરેલું, શબ પરિક્ષણ માટે મોકલાવેલ. ત્યારબાદ સીનીયર પી.આઈ. શ્રી એસ.જી.સોલંકીનાએ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ અને સારવાર દરમ્યાન મૃત્યુ પામનારનું એ.એસ.આઈ. નગીનભાઈ મારફતે ઈન્કવેસ્ટ પંચનામુ કરી શબ પરિક્ષણ માટે મોકલવામાં આવેલ, ઈજા પામનાર તથા અન્ય લાગતા વળગતા શાહેદોના નિવેદનો લીધેલા, આરોપીની ધરપકડ કરી આરોપીની શરીરસ્થિતિ તથા અટકનું પંચનામુ કરેલ તેમજ મરણજનારની પી.એમ. નોટ તથા ઈજા પામનારના સર્ટીફીકેટ મેળવેલ તથા અકસ્માતમાં સંડોવાયેલ બંને વાહનના કાગળો મેળવેલ અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા બાબતનું ચાર્જશીટ કરી શકાય તેટલા પુરાવા જણાતા આ કામનું ચાર્જશીટ હકુમત ધરાવતી મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં દાખલ કરેલ જે ક્રિમીનલ કેસ નં.૩૭૧/૨૦૧૭ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

૩. દરમ્યાન આરોપીના સક્ષમ કોર્ટ ધ્વારા જામીન મંજુર થતા તેઓ જામીન ઉપર મુકત થયેલા, તેથી આરોપીને વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ બોલાવીને ચાર્જશીટની નકલો આપેલ તેઓએ બચાવ માટે વકીલ રોકેલા છે કે કેમ તેની ખાતરી કર્યા બાદ આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ−૩૦૪ મુજબના ગુન્હો સેશન્સ ટ્રાયેબલ હોવાથી આરોપી વિરૂધ્ધનો કેસ તા.૧૫/૦૩/૨૦૧૭ ના રોજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ−૨૦૯ મુજબનો કમીટલનો હુકમ કરીને અત્રે સેશન્સ કોર્ટ તરફ કેસ તથા મુદ્દામાલ વગેરે મોકલી આપેલ. જે અત્રેની સેશન્સ કોર્ટમાં તા.૧૮/૦૮/૨૦૧૭ ના રોજ આવતાં સેશન્સ કેસ નં.૧૫૦/૨૦૧૭ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને આગળની ઈન્સાફી કાર્યવાહી માટે રાખવામાં આવેલ.

૪. સદરહુ કેસ ઈન્સાફી કાર્યવાહી માટે કોર્ટ રૂબરૂ આવતાં આરોપીને સમન્સના આધારે બોલાવવામાં આવેલ. આરોપી જાતે તથા વકીલ મારફતે હાજર થતાં તેઓને ચાર્જશીટની નકલો મળી ગયા બાબતની ખાતરી કર્યા બાદ ફરીયાદ પક્ષ તરફે પી.પી.શ્રી તથા આરોપીના વકીલશ્રીને સાંભળ્યા બાદ આરોપી વિરૂધ્ધ આંક −૯ થી ઈ.પી.કો.કલમ−૨૭૯, ૩૦૪, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ −૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબના ગુન્હાનું તહોમતનામું તા.૨૧મી મે, ૨૦૧૮ નારોજ ફરમાવવામાં આવેલ અને તે તહોમતનામા બાબતે આંક−૧૦ થી આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરેલ તેથી કેસ ફરીયાદ પક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

૫. ફરીયાદ પક્ષ તરફે પુરતી તક આપવા છતાં, નીચે મુજબના સાક્ષીઓને તપાસવામાં આવેલ છે અને તેઓના મૌખિક પુરાવા રજુ કરવામાં આવેલ છે તેમજ તેઓની મારફતે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**:: મૌખિક પુરાવો ::**

| અ.નં. | **શાહેદ નં.** | **શાહેદનું નામ** | આંક |
|---|---|---|---|
| | | **ફરીયાદી − શાહેદો** | |
| ૧ | ૧ | જીતેશ પ્રેમજીભાઈ સાકરીયા<br>(ફરીયાદી/બનાવ નજરે જોનાર શાહેદ) | ૧૧ |
| ૨ | ૮ | ખોડાભાઈ સામતભાઈ સાકરીયા | ૨૬ |

| | | | |
|---|---|---|---|
| | | (બનાવવાળી જગ્યાએ જનાર શાહેદ) | |
| ૩ | ૯ | વિનુભાઈ વીરજીભાઈ રાઠોડ<br>(બનાવવાળી જગ્યાએ જનાર શાહેદ) | ૨૭ |
| ૪ | ૧૦ | ફારૂકભાઈ રફીકભાઈ સંઘવાણી<br>(અકસ્માતમાં મરણ જનારની લાશો લઈ જનાર વાહન ચાલક) | ૨૯ |
| ૫ | ૧૧ | રાઘવભાઈ વજાભાઈ જાપડા<br>(બનાવવાળી જગ્યાએ જનાર તથા લાશો ઓળખી બતાવનાર શાહેદ) | ૩૦ |
| ૬ | ૧૨ | વિનોદભાઈ પોપટભાઈ પરબતાણી<br>(બનાવવાળી જગ્યાએ જનાર શાહેદ) | ૩૧ |
| ૭ | ૧૩ | વિજયભાઈ વશરામભાઈ રાઠોડ<br>(બનાવવાળી જગ્યાએ શાહેદોને ગાડીમાં લઈ જનાર શાહેદ) | ૩૩ |
| ૮ | ૧૯ | નીતીનભાઈ ભુપતભાઈ જીંજરીયા<br>( અકસ્માતવાળા વાહનમાં બેઠેલા શાહેદ) | ૯૭ |
| | | **પંચ શાહેદો** | |
| ૯ | ૨ | અબ્દુલકરીમ દસ્તગીર વોરા<br>(ઈન્કવેસ્ટ પંચનામાના પંચશાહેદ) | ૧૫ |
| ૧૦ | ૩ | મહેશભાઈ ગોવિંદભાઈ પટેલ<br>(ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચશાહેદ) | ૧૮ |
| ૧૧ | ૪ | નવઘણભાઈ મનજીભાઈ મકવાણા<br>(ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચશાહેદ) | ૨૦ |
| ૧૨ | ૫ | પ્રવિણભાઈ વિનુભાઈ જીંજરીયા<br>(ઈન્કવેસ્ટ પંચનામાના પંચશાહેદ) | ૨૧ |
| ૧૩ | ૬ | ઈકબાલભાઈ ઉસ્માનભાઈ ખોરજીયા<br>(આરોપીની શરીરસ્થિતિ તથા અટક પંચનામાના પંચશાહેદ) | ૨૩ |
| ૧૪ | ૭ | ઉસ્માનભાઈ હસનભાઈ વડાવીયા<br>(આરોપીની શરીરસ્થિતિ તથા અટક પંચનામાના પંચશાહેદ) | ૨૫ |
| | | **તબીબી શાહેદ** | |
| ૧૫ | ૧૪ | ડૉ. હેમીન મયુરકુમાર શાહ<br>(મરણજનારની લાશનું શબ પરીક્ષણ કરનાર) | ૩૪ |
| ૧૬ | ૧૫ | ડૉ. અબ્દેરહેમાન મહેમુદભાઈ રાધનપુરી<br>(મરણજનારની લાશનું શબ પરીક્ષણ કરનાર) | ૩૮ |
| ૧૭ | ૧૬ | ડૉ. દિપકભાઈ સર્વેશ્વરપ્રસાદ ગુપ્તા<br>(મરણજનારની લાશનું શબ પરીક્ષણ કરનાર) | ૩૩ |
| ૧૮ | ૧૭ | ડૉ. જયેશકુમાર દાનાભાઈ પરમાર<br>(મરણજનારની લાશનું શબ પરીક્ષણ કરનાર) | ૪૩ |
| | | **પોલીસ શાહેદો** | |
| ૧૯ | ૧૮ | અ.એસ.આઈ. રણજીતસિંહ સબળસિંહ રાઠોડ<br>(ગુન્હો નોંધનાર શાહેદ) | ૯૭ |
| ૨૦ | ૨૦ | પી.આઈ. કરશનભાઈ વાલજીભાઈ દાફડા<br>(ફરીયાદ લેનાર અધિકારી ) | ૧૦૨ |

District & Sessions Court Ahmedabad(Rural)

| | | | |
|---|---|---|---|
| ૨૧ | ૨૧ | પી.એસ.આઈ.અજયભાઈ બેચરભાઈ વોરા<br>(બનાવવાળી જગ્યાએ જઈ ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર અધિકારી) | ૧૦૩ |
| ૨૨ | ૨૨ | પી.આઈ. સ્મિતેષભાઈ ઘનશ્યામભાઈ સોલંકી<br>(તપાસ કરનાર અધિકારી) | ૧૦૫ |

## :: દસ્તાવેજી પુરાવો::

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરિયાદ | ૧૧ |
| ૨ | ઈન્કવેસ્ટ પંચનામુ | ૧૬ |
| ૩ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૯ |
| ૪ | આરોપીની શરીરસ્થિતિનું પંચનામુ | ૨૨ |
| ૫ | પોલીસ યાદી સાથે ચૌદ મરણોત્તર ફોર્મ | ૩૫ |
| ૬ | જીતેશભાઈની પી.એમ.નોટ | ૩૬ |
| ૭ | રસીકભાઈ રાવજીભાઈની પી.એમ.નોટ | ૩૭ |
| ૮ | જયેશભાઈની પી.એમ.નોટ | ૩૯ |
| ૯ | શિવાભાઈની પી.એમ.નોટ | ૪૦ |
| ૧૦ | જયદીપભાઈની પી.એમ.નોટ | ૪૨ |
| ૧૧ | જયેશભાઈ ભલાભાઈની પી.એમ.નોટ | ૪૪ |
| ૧૨ | મેહુલભાઈની પી.એમ.નોટ | ૪૫ |
| ૧૩ | પેન ડ્રાઈવ | ૪૬ |
| ૧૪ | ટોલ પ્લાઝાની ઝેરોક્ષ નકલ | ૪૭ |
| ૧૫ | જગદીશભાઈના ઓળખપત્રની ઝેરોક્ષ નકલ | ૪૮ |
| ૧૬ | દિપકભાઈના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | ૪૯ |
| ૧૭ | સાગર માવજીભાઈના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | ૫૦ |
| ૧૮ | જીતેન્દ્ર માવજીભાઈના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | ૫૧ |
| ૧૯ | સરવૈયા દામજીભાઈના ઓળખ કાર્ડની ઝેરોક્ષ નકલ | ૫૨ |
| ૨૦ | જયેશભાઈ ભલાભાઈના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | ૫૩ |
| ૨૧ | દિપક ભલાભાઈની રેસીડેન્સ કોપીની ઝેરોક્ષ નકલ | ૫૪ |
| ૨૨ | શિવાભાઈના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | ૫૫ |
| ૨૩ | મેહુલભાઈના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | ૫૬ |
| ૨૪ | રમેશભાઈના ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ નકલ | ૫૭ |
| ૨૫ | રમેશભાઈના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | ૫૮ |
| ૨૬ | મેઘાણી રસીકભાઈના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | ૫૯ |

District & Sessions Court Ahmedabad Rural

| | | |
|---|---|---|
| ૨૭ | જયદીપના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | ૬૦ |
| ૨૮ | મેહુલના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | ૬૧ |
| ૨૯ | ઝીંઝરીયા જય ના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | ૬૨ |
| ૩૦ | રાઠોડ સંજયભાઈના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | ૬૩ |
| ૩૧ | દામજીભાઈની પી.એમ.નોટ | ૬૪ |
| ૩૨ | દીલીપભાઈની પી.એમ.નોટ | ૬૫ |
| ૩૩ | સાગરભાઈ માવજીભાઈની પી.એમ.નોટ | ૬૬ |
| ૩૪ | જગદીશભાઈ બાબુભાઈની પી.એમ.નોટ | ૬૭ |
| ૩૫ | રમેશભાઈ ભીખુભાઈની પી.એમ.નોટ | ૬૮ |
| ૩૬ | શિવાભાઈ અંબાભાઈની પી.એમ.નોટ | ૬૯ |
| ૩૭ | સંજયભાઈ વિનુભાઈની પી.એમ.નોટ | ૭૦ |
| ૩૮ | દિપકભાઈ જગદીશભાઈની પી.એમ.નોટ | ૭૧ |
| ૩૯ | એફ.એસ.એલ.વાનનો અભિપ્રાય | ૭૨ |
| ૪૦ | રીતેશ પ્રેમજી ભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૭૩ |
| ૪૧ | નીતીન ભૂપતભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૭૪ |
| ૪૨ | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ(જીટીટ્રક–જીજે૩૬ ટી૮૪૫૧) | ૭૫ |
| ૪૩ | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ (છોટાહાથી જી.જે.૦૩ એએકસ–૫૫૩૪) | ૭૬ |
| ૪૪ | નીતીનભાઈ ભૂપતભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૭૭ |
| ૪૫ | દેવેન્દ્ર હકાભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૭૮ |
| ૪૬ | જીતેશભાઈ પ્રેમજીભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૭૯ |
| ૪૭ | જીજે ૩૬ ટી ૮૪૫૧ ના કાગળો | ૮૦ |
| ૪૮ | જીજે ૩ એએકસ ૫૫૩૪ ના કાગળો | ૮૧ |
| ૪૯ | રમેશભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૮૨ |
| ૫૦ | શીવાભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૮૩ |
| ૫૧ | જગદીશભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૮૪ |
| ૫૨ | સાગર માવજીભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૮૫ |
| ૫૩ | દામજીભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૮૬ |
| ૫૪ | દીલીપભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૮૭ |
| ૫૫ | જયેશભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૮૮ |
| ૫૬ | મેહુલભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૮૯ |
| ૫૭ | જીતેશભાઈ માવજીભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૯૦ |

| | | |
|---|---|---|
| ૫૮ | રસીકભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૯૧ |
| ૫૯ | જયેશભાઈ ભૂપતભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૯૨ |
| ૬૦ | શિવાભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૯૩ |
| ૬૧ | જયદીપભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૯૪ |
| ૬૨ | સંજયભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૯૫ |
| ૬૩ | દિપકભાઈ જગદીશભાઈનું ઈન્જરી સર્ટીફીકેટ | ૯૬ |
| ૬૪ | ગુન્હો રજીસ્ટર કરવા બાબતનો રીપોર્ટ | ૯૮ |
| ૬૫ | સૂચિપત્ર | ૯૯ |

૬. ફરીયાદ પક્ષનો પુરાવો નોંધી લીધા બાદ અને વિ.એ.પી.પી.શ્રીએ આંક–૧૦૬ થી પુરાવો બંધ કરવાની પુરશીસ રજુ કરતા તેઓના પુરાવાનું સ્ટેજ બંધ થતાં આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૧૩ મુજબનું વધારાનું નિવેદન નોંધી લેવામાં આવેલ. આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી તેઓ બેકસુર છે અને ઉપરોકત ગુન્હા બાબતે તેઓ જાણતા નથી તેમજ તેઓ નિર્દોષ છે અને તેઓ વિરૂધ્ધ ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે પરંતુ બચાવમાં કોઈ સાક્ષી તપાસેલ નથી. તેથી તેઓના પુરાવાનું સ્ટેજ બંધ કરવામાં આવેલ અને કેસ આખરી દલીલોની સુનાવણી માટે રાખવામાં આવેલ.

૭. સદરહુ કેસ આખરી દલીલો અને સુનાવણી માટે આવતાં ફરીયાદ પક્ષ તરફે પી.પી.શ્રી ટી.પી. ચુડાસમાને તથા આરોપી તરફે તેઓના વકીલ શ્રી એચ.એન.બારોટને સાંભળવામાં આવેલ.

૮. ફરીયાદ પક્ષ તરફે એવી રજુઆત કરવામાં આવેલ કે આ કામના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ –૨૭૯, ૩૦૪, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના ગુન્હાનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને તેને નિ:શંકપણે પુરવાર કરવા માટે કુલ ૨૨ જેટલા શાહેદોને તપાસવામાં આવેલ છે, જેમાં ફરીયાદી, ઈજા પામનાર, તબીબી શાહેદો, પોલીસ શાહેદો વગેરેનો સમાવેશ થાય છે. જયારે દસ્તાવેજી પુરાવા તરીકે ૬૫ થી વધુ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે. જેમાં ફરીયાદ, ગુન્હાવાળી જગ્યાનો એફ.એસ.એલ. અધિકારીનો રીપોર્ટ, ઈન્કવેસ્ટ પંચનામુ, ઈજા પામનારના સારવાર

સર્ટીફીકેટ, મરણજનારની પી.એમ. નોટ, મરણોત્તર ફોર્મ તથા એફ.એસ.એલ.ની રવાનગી નોંધ વગેરેનો સમાવેશ થાય છે. પી.પી.શ્રી તરફે વધુમાં એવી પણ રજુઆત કરવામાં આવેલ છે કે ફરીયાદ પક્ષના ઈજા પામનાર શાહેદો તથા ફરીયાદી સહના તમામ શાહેદોએ ફરીયાદ પક્ષના કથનોને સમર્થન આપેલ છે,

૯. આરોપી તરફે એવી રજુઆત કરવામાં આવેલ કે આ કામના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ –૩૦૪ મુજબના ગંભીર ગુન્હાનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે, પરંતુ ફરીયાદ પક્ષ તરફે ફરીયાદી/ઈજા પામનાર શાહેદ તથા અકસ્માતવાળા સ્થળે ગયેલા શાહેદોને તપાસવામાં આવેલ છે, જે તમામ શાહેદો બનાવ બન્યા બાદ અકસ્માતવાળા સ્થળ ઉપર ગયેલ હોવાનું જણાઈ આવે છે અને તેથી તેઓએ બનાવ કેવી રીતે બનેલ અને કોની બેદરકારીના કારણે બનેલ તે વિશે કોઈ સ્પષ્ટ પુરાવો આપેલ નથી. આમ ફરીયાદ પક્ષ તરફે જે શાહેદો તપાસવામાં આવેલા તેમાંથી મોટા ભાગના શાહેદો પાછળથી અકસ્માતવાળા સ્થળ ઉપર ગયેલા હતા તેથી તેઓના પુરાવા ધ્વારા ફરીયાદ પક્ષના કથનને સમર્થન પ્રાપ્ત થતું નથી અને ફરીયાદ પક્ષના કથન મુજબનો કોઈ બનાવ બનેલ હોય તેવો કોઈ તટસ્થ અને સ્થિર પુરાવો આપેલો નથી. તેથી ફરીયાદી તથા ઈજા પામનાર જેવા મહત્વના શાહેદોના સ્પષ્ટ મૌખિક પુરાવાના અભાવે અન્ય પુરાવાને કોઈ મહત્ત્વ રહેતુ ન હોય તેમજ પોલીસ શાહેદોના પુરાવાને પણ કોઈ વિશેષ મહત્ત્વ રહેતું ન હોય તે પુરાવાને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તેથી ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લઈ આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર થતું નથી તેમ માનવું જોઈએ અને તે આધારે આરોપીને નિર્દોષ જાહેર કરવા જોઈએ તેથી તેઓ તરફે આરોપીને નિર્દોષ જાહેર કરવા અરજ ગુજારવામાં આવેલ છે.

૧૦. ફરીયાદ પક્ષના કેસની વિગત તથા આરોપી વિરૂધ્ધ આંક–૯ થી જે ગુન્હાનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે તેની વિગતો તથા આરોપીનો ગુન્હો કર્યાનો ઈન્કાર જોતાં ફરીયાદ પક્ષ કેસના નિર્ણયાર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુ દ્દા**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે આ કામના આરોપીએ તા.૦૩/૧૧/૨૦૧૬ ના રોજ રાત્રીના કલાક ૧૧:૩૦ વાગ્યાના સુમારે ધોળકાથી દશ કી.મી. નજીક પોતાના કબજાવાળી ટ્રક નં. જી.જે.૩૬ ટી-૮૪૫૧ ની પુરઝડપે, ગફલતભરી રીતે હંકારી લાવી છોટા હાથી વાહન નં. જી.જે.૦૩ એ.એકસ-૫૫૩૪ સાથે ભટકાડી અકસ્માત કરી છોટાહાથીમાં બેઠેલ જગદીશ બાબુ, સાગર માવજી, દામજી વેડા, દીલીપ ભલા, મેહુલ ભુપત, જયેશ ભલા, જયેશ ભુપત, લાલુ શીવા, રમેશ ભીખુ, જયદીપ હરજી, સંજય વિનુ, જીતેશ માવજી, રસીક હરજી, શીવા અંબાભાઈના ઘટના સ્થળે મોત નિપજાવેલ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે આ કામના ઉપરોકત તારીખે અને સમયે અને સ્થળે આરોપીએ પોતાના કબજાની ટ્રક નં. જી.જે.૩૬ ટી-૮૪૫૧ ની પુરઝડપે હંકારી લાવી છોટા હાથી નં. જી.જે.૦૩ એ.એકસ-૫૫૩૪ સાથે ભટકાડી ફરીયાદી તથા શાહેદ દેવરાજ હકાભાઈ, નીતીન ભુપતભાઈનાઓને ઈજા પહોંચાડેલ?

(૩) શું આ કામના આરોપીએ આક્ષેપિત ઈ.પી.કો.કલમ-૨૭૯, ૩૦૪, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એ.કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો ગુન્હો કે તે પૈકીના કોઈ ગુન્હા કે નાના સ્વરૂપનો ગુન્હો કરેલ છે? જો હા તો કયો?

(૪) શું હુકમ?

૧૧. બંને પક્ષકારો તરફે જે રજુઆત કરવામાં આવેલ છે તેનો વિચાર, ફરીયાદ પક્ષના કેસની વિગત, આરોપી વિરૂધ્ધ જે ગુન્હાનું તહોમતનામુ ફરમાવ્યું છે તેની વિગત, ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તથા આરોપીનો ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર અને બચાવ વગેરે સાથે એકત્રપણે કરી ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબના આપેલ છે જે બાબતના કારણો ત્યારપછી જણાવેલ છે.

**:: નિ ર્ણ યો ::**

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**મુદ્દા નં. ૧ થી ૩ :–**

૧૨. ફરીયાદ પક્ષના કેસની વિગત એવી છે કે, આ કામના આરોપીએ પોતાની ટ્રક નં. જી.જે. ૩૬ ટી–૮૪૫૧ ની પૂરઝડપે ચલાવી સામેથી આવતા વાહન સાથે ભટકાશે તો માનવ જીંદગી જોખમાશે તેવું જાણતો હોવા છતાં પૂરઝડપે ચલાવી રોંગ સાઈડ જઈ સામેથી આવતી ટાટા લોડીંગ ગાડી નંબર જી.જે.૩ એ.એકસ–૫૫૩૪ સાથે ભટકાડી ટાટા લોડીંગ ગાડીમાં બેઠેલ શાહેદ દેવરાજ હકકાભાઈ તથા નીતીન ભુપતભાઈ તથા ફરીયાદી જીતેશભાઈ પ્રેમજીભાઈ કોળી પટેલ (સાકળીયા)ને નાની મોટી ઈજા કરી ફ્રેકચર કરી તેમજ શાહેદ જગદીશભાઈ બાબુભાઈ, સાગરભાઈ માવજીભાઈ, દામજીભાઈ વેડાભાઈ, દીલીપભાઈ ભલાભાઈ, મેહુલભાઈ ભુપતભાઈ, જયેશભાઈ ભલાભાઈ, જયેશભાઈ ભુપતભાઈ, લાલો શીવાભાઈ, રમેશભાઈ ભીખુભાઈ, જયદીપભાઈ હરજીભાઈ, સંજયભાઈ વીનુભાઈ, જીતેશભાઈ માવજીભાઈ, રસિકભાઈ સવજીભાઈ, શીવાભાઈ અંબાભાઈ આમ ચૌદ જણાને શરીરે ઈજાઓ કરી સ્થળ ઉપર મોત નિપજાવી ટ્રક મુકી નાસી જઈ તથા ઈજા પામનાર દિપક ઉર્ફે દેવનું સારવાર દરમ્યાન મોત નિપજાવી ઈ.પી.કો. કલમ– ૨૭૯, ૩૦૪, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો ગુન્હો કરેલ છે.

૧૩. ફરીયાદ પક્ષ તરફે આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે કુલ ૨૨ શાહેદોને તપાસવામાં આવેલા છે. જેમાં ફરીયાદી/ઈજા પામનાર, ઈજા પામનાર, બનાવવાળા સ્થળે જનાર શાહેદો, અકસ્માતમાં મરણ જનારની લાશનું શબ પરિક્ષણ કરનાર તબીબી શાહેદો, ફરીયાદ લેનાર પોલીસ શાહેદ, તપાસ કરનાર અધિકારી તથા પંચશાહેદોનો સમાવેશ થાય છે.

૧૪. આમ તો સદરહુ કેસ પ્રથમ દ્રષ્ટ્રિએ વાહન અકસ્માતનો કેસ છે અને આવા કેસમાં ઈ.પી.કો.કલમ–૩૦૪(એ) નો ગુન્હો નોંધવાનો હોય છે અને તે મુજબના જ ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવાનું રહે છે પરંતુ આ કિસ્સામાં આ કહેવાતા બનાવમાં આશરે ચૌદ જેટલા લોકો ગુજરી જતા તેની ગંભીરતા ધ્યાને લઈ આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૩૦૪ નો ગુન્હો નોંધવામાં આવેલ અને તે ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલું છે. તે ગુન્હાનું જ તહોમતનામુ આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલું છે. ઈ.પી.કો.કલમ–૩૦૪નો ગુન્હો સાપરાધ મનુષ્ય વધ બાબતનો છે અને તેમાં ઈરાદાપૂર્વક અથવા તો તેઓના કૃત્યથી મનુષ્યનું મૃત્યુ નિપજશે એમ જાણતા હોવા છતાં તેવું ગંભીર કૃત્ય કરવામાં આવેલું હોય ત્યારે તે કૃત્ય ઈ.પી.કો.કલમ–૩૦૪ના સાપરાધ મનુષ્ય વધના ગુન્હામાં પડે છે એમ તે કલમની જોગવાઈ જોતાં તથા પ્રસ્થાપિત થયેલ કાયદાઓ જોતા કહી શકાય છે. તેથી આ કાયદાની જોગવાઈ અને પ્રસ્થાપિત કાયદો ધ્યાનમાં રાખીને આ કેસમાં રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવાના રહે છે.

૧૫. ફરીયાદ પક્ષ તરફે કુલ આઠ જેટલા કહેવાતા નજરે જોનાર તથા બનાવ પછી તરતજ બનાવની સ્થળસ્થિતિ જોનાર શાહેદોને તપાસવામાં આવેલા છે. જેમાં ફરીયાદી જીતેશ પ્રેમજીભાઈ સાકરીયા બનાવ નજરે જોનાર શાહેદ છે જયારે શાહેદ નં.૧૯ તરીકે તપાસવામાં આવેલ નીતીનભાઈ ભુપતભાઈ જીંજરીયા અકસ્માતવાળા વાહનમાં જ બેઠેલ શાહેદ છે તેથી તેને પણ નજરે જોનાર શાહેદ તરીકે ગણી શકાય છે. જયારે શાહેદ નં.૮ તરીકે તપાસવામાં આવેલ ખોડાભાઈ સામતભાઈ સાકરીયા, શાહેદ નં.૯ તરીકે તપાસવામાં આવેલ વિનુભાઈ વીરજીભાઈ રાઠોડ, શાહેદ નં.૧૧ તરીકે તપાસવામાં આવેલ રાઘવભાઈ વજાભાઈ જાપડા, શાહેદ નં.૧૨ તરીકે તપાસવામાં આવેલ વિનોદભાઈ પોપટભાઈ પરબતાણી બનાવવાળી જગ્યાએ જનાર તથા લાશો ઓળખી બતાવનાર શાહેદ છે જયારે શાહેદ નં.૧૦ તરીકે તપાસવામાં આવેલ ફારૂકભાઈ રફીકભાઈ સંઘવાણી અકસ્માતમાં મરણજનારની લાશો લઈ જનાર તથા શાહેદ નં.૧૩ તરીકે તપાસવામાં આવેલ વિજયભાઈ વશરામભાઈ રાઠોડ બનાવવાળી જગ્યાએ શાહેદોને વાહનમાં લઈ જનાર વાહનચાલક અને શાહેદ છે. તેથી એમ કહી શકાય છે કે ફરીયાદ પક્ષ તરફે જે શાહેદ

નં.૧ તથા ૮ થી ૧૩ અને ૧૯ તરીકે તપાસવામાં આવેલ કુલ ૮ શાહેદો પૈકી ફકત બે જ શાહેદો કહેવાતા બનાવના નજરે જોનાર શાહેદ છે. આ કહેવાતો બનાવ નજરે જોનાર શાહેદો પૈકી ફરીયાદી જીતેશ પ્રેમજીભાઈ સાકરીયાએ એવો પુરાવો આપેલો છે કે તા.૦૩/૧૧/૨૦૧૬ ના રોજ તેઓ તથા રસીકભાઈ, જગદીશભાઈ, શીવાભાઈ, રમેશભાઈ, દામજીભાઈ, જયસુખભાઈ તથા બીજા નાના છોકરાઓ મળી કુલ–૧૭ જણા છોટાહાથીમાં બેસી સોખડા ગામથી પાવાગઢ દર્શન કરવા ગયેલ હતા અને તે છોટા હાથી જગદીશભાઈ બાબુભાઈની હતી જેનો નંબર ૫૫૩૪ હતો. તેઓએ એમ પણ જણાવેલ છે કે સવારના છ વાગે પાવાગઢ પહોંચી ગયેલ અને આખો દિવસ પાવાગઢમાં ફરેલા અને રાત્રીના તેઓ ત્યાંથી નીકળી ગયેલ અને સાડા અગિયાર વાગ્યાની આસપાસ તેઓ ધોળકાની આગળ પહોચેલ ત્યારે એક ટ્રક ફુલસ્પીડમાં આવી તેઓની ગાડીને ભટકાયેલ તેથી તેઓનું છોટાહાથી વાહન ફંગોળાઈ ગયેલ. તેઓએ એમ પણ જણાવેલ છે કે સદરહુ ટ્રકનો નંબર ૮૪૫૧ હતો. તેઓએ એમ પણ જણાવેલ છે કે આ બનાવમાં તેઓ પણ ફંગોળાઈ ગયેલ, તેઓને ઘુંટીમાં ફ્રેકચર થયેલ, તેઓને ધોળકા હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલ અને તેઓની સાથેના ચૌદ જણા હતા તે તડપી તડપીને મરણ ગયેલ અને તેઓની સાથેના નીતીનભાઈના બંને પગ ભાંગી ગયેલ અને બીજો છોકરો હતો તેને માથામાં વાગેલું. આમ ત્રણ ઈજાગ્રસ્ત બચેલા અને બાકીના ચૌદ જણા ગુજરી ગયેલ તેથી આ ટ્રકચાલક વિરૂધ્ધ તેઓએ ધોળકા હોસ્પિટલમાં ફરીયાદ આપેલી એમ જણાવી તેઓએ આંક–૧૨ થી ફરીયાદ રજુ કરેલ છે અને આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ છે. સદરહુ શાહેદે જે મુજબનો પુરાવો આપેલ છે તેનો વિચાર આંક–૧૨થી રજુ થયેલ ફરીયાદની વિગતો સાથે કરવામાં આવે તો એમ કહી શકાય છે કે ફરીયાદમાં પણ લગભગ ફરીયાદીએ આપેલ પુરાવા મુજબની વિગતો જણાવવામાં આવેલ છે, જેમાં છોટા હાથીનો નં.જી.જે.૦૩ એ.એકસ–૫૫૩૪ લખવામાં આવેલ છે જયારે ટ્રકનો નંબર જી.જે.૩૬ ટી–૮૪૫૧ નો જણાવવામાં આવેલો છે, અને તેમાં એમ પણ જણાવવામાં આવેલ છે કે તેઓનો છોટાહાથી ધોળકાથી ૧૦–૧૨ કિ.મી. દુર હતુ ત્યારે સામેથી ટ્રક ખૂબજ સ્પીડમાં આવી તેઓના છોટાહાથી સાથે ભટકાતા તેઓ ફંગોળાઈ ગયેલા

અને બાકીના બીજાને ખૂબ ઈજા થયેલી અને તેમાં એમ પણ જણાવેલ છે કે તેઓના છોટા હાથીમાં બેઠેલા ચૌદ જણા ગુજરી ગયેલ અને તેઓને તથા તેઓની સાથેના નીતીનભાઈ અને દેવરાજને ઈજા થયેલ હતી. સદરહુ ફરીયાદમાં ટ્રકચાલક કોણ હતો તેનું નામ દર્શાવવામાં આવેલું નથી. પરંતુ ટ્રકના ચાલક ખૂબજ સ્પીડે સામેથી આવીને છોટા હાથી સાથે એકસીડન્ટ કરી ચૌદ ઉપર જણાવેલ નામવાળા વ્યકિતઓના મોત નિપજાવેલ એવા આક્ષેપો કરવામાં આવેલા છે. તેથી ફરીયાદમાં આ કામના આરોપીનું નામ દર્શાવવામાં આવેલું નથી, પરંતુ છોટા હાથી અને ટ્રકના એમ બંનેના નંબર સ્પષ્ટપણે જણાવેલ છે અને બંને વાહનો સ્થળ ઉપર પડેલા એમ પણ તેઓએ જણાવેલું છે.

૧૬. આરોપી તરફે સદર શાહેદની જરૂરી ઉલટતપાસ કરવામાં આવેલી છે અને ઉલટતપાસમાં કબુલાતના આધારે એવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે કે તેઓ તા.૦૩/૧૧/૨૦૧૬ ના રોજ સાંજના દશેક વાગ્યે પાવાગઢ જવા નીકળેલ હતા અને તા.૦૪/૧૧/૨૦૧૬ ના રોજ પાવાગઢ પહોંચેલ હતા. છોટા હાથીમાં બેસવા માટે આજુબાજુ પાટીયા નાખેલા હતા અને બોડી જાળીવાળી બનાવેલી હતી, પાટીયા એકબીજાની સામે નાખેલા હતા. તેઓ ડ્રાઈવરની સીટની બાજુમાં બેસેલ હતા અને તેઓને નીંદર આવતી હતી. અકસ્માત થયો ત્યારે અંધારૂ હતું અને અંધારામાં સામેથી કોણ વ્યકિત કઈ ગાડી ચલાવતી હતી તે ખબર પડે નહિ, અકસ્માત થયો ત્યારે તેઓ ડાબી બાજુ ફંગોળાઈ ગયેલ હતા અને ત્યારબાદ તેઓને હોસ્પિટલમાં લઈ ગયેલ હતા. ૧૦૮માં તેઓની સાથે બીજા બે છોકરાઓ હતા, તેઓને ઉંઘ આવતી હતી. તેથી સદરહુ શાહેદે આરોપી તરફેની ઉલટતપાસમાં કબુલાતના આધારે જે ઉપરોકત વિગતો જણાવેલ છે તે જોતાં એમ કહી શકાય છે કે બનાવ રાત્રીના સમયે ધોળકાથી આશરે ૧૦–૧૨ કિ.મી. દુર બનેલો છે. સદરહુ ફરીયાદી બનાવ વખતે છોટાહાથીમાં ડ્રાઈવરની બાજુમાં આગળના ભાગે બેઠેલા હતા અને બીજાને બેસવા માટે છોટા હાથીના પાછળના ભાગે પાટીયા નાખેલ હતા તે સામસામે હતા. આ બનાવ તા.૦૪/૧૧/૨૦૧૬ ના રોજ રાત્રીના સમયે બનેલો.

૧૭. ફરીયાદ પક્ષ તરફે આ સિવાય શાહેદ નં.૧૯ તરીકે બીજા કહેવાતા નજરે જોનાર શાહેદ એવા નીતીનભાઈ ભૂપતભાઈ જીંજરીયાઓને તપાસવામાં છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે તેઓ સોખડા ખાતે તેઓના માતા–પિતા સાથે રહે છે, બે અઢી વર્ષ પહેલાં ધોળકા પાસે રાત્રીના સાડા દશ વાગ્યાના સુમારે આ બનાવ બનેલો. તે વખતે તેઓ તથા તેઓના બેભાઈઓ જય તથા મેહુલ તથા ગામના બીજા સત્તરેક લોકો છોટાહાથીમાં બેસી પાવાગઢ દર્શન કરવા ગયેલ હતા અને ત્યાંથી તેઓ પાછા તેઓના ગામ જતા હતા ત્યારે ધોળકા પાસે છોટા હાથીનો બીજી ટ્રક સાથે અકસ્માત થયેલ તેમાં પંદર લોકો સ્થળ ઉપર ગુજરી ગયેલ અને તેઓના ઉપરોકત બંને ભાઈઓ પણ ગુજરી ગયેલ અને તેઓને રાજકોટની હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલ. તેઓએ એમ પણ જણાવેલ છે કે છોટા હાથી વાહત તેઓના ગામના લાલાભાઈ ચલાવતા હતા. ટ્રક કોણ ચલાવતું હતું તે ખબર નથી, બનાવ વખતે તેઓ સુતા હતા. બનાવ કયા કારણસર બનેલ તે તેઓને ખબર નથી. આમ આ શાહેદે જે પણ પુરાવો આપેલ છે તે ફરીયાદ પક્ષના કથનને અનુસરે છે અને બનાવ કયા સ્થળે, કેવી રીતે અને કયા સંજોગોમાં બનેલ અને તેમાં શું શું બનેલ તેની સ્પષ્ટતા થાય છે. પરંતુ આ શાહેદે બનાવ કયા કારણોસર બનેલ તે સ્પષ્ટ જણાવેલ નથી. સામેવાળી ટ્રક કોણ ચલાવતું હતું તે પણ તેઓને ખબર નથી એમ પણ જણાવેલું છે. તેથી ઉપરોકત બંને શાહેદોના પુરાવાના આધારે ફરીયાદ પક્ષનો મુખ્ય કેસ કે છોટા હાથી વાહનમાં પ્રવાસ કરનાર સત્તર લોકો પૈકી ચૌદ લોકો આ કહેવાતા બનાવમાં સ્થળ પર ગુજરી ગયેલ અને બાકીના ત્રણેયને ફ્રેકચર સહની ઈજાઓ થયેલ હતી જે પૈકી એક ફરીયાદી અને આ શાહેદ નીતીનભાઈ છે. બનાવમાં છોટા હાથી નં. જી.જે.૦૩ એ.એકસ–૫૫૩૪ જે સોખડા ગામના વ્યકિતની જ હતી અને સોખડા ગામના લાલાભાઈ ચલાવતા હતા અને અકસ્માતમાં સંડોવાયેલ બીજું વાહન ટ્રક નં. જી.જે. ૩૬ ટી–૮૪૫૧ હતી પરંતુ તે ટ્રક કોણ ચલાવતું હતું તેનું નામ સ્પષ્ટ રીતે આ બંને શાહેદો જણાવી શકેલ નથી. ફરીયાદમાં પણ આ ટ્રક ચાલકનું નામ જણાવેલું નથી અને ફરીયાદીએ આરોપી કોર્ટમાં બેસેલ હોવાથી ઓળખી બતાવેલ છે એમ કહી શકાય છે.

૧૮. ફરીયાદ પક્ષ તરફે આ સિવાય જે અન્ય શાહેદોને શાહેદ નં.૮ થી ૧૩ તરીકે તપાસવામાં આવેલ છે તે શાહેદો નજરે જોનાર શાહેદ નથી. પરંતુ બનાવ બન્યા બાદ સ્થળ ઉપર પહોંચીને સ્થળસ્થિતિ જોનાર તથા લાશોને સ્થળ ઉપરથી કાઢીને હોસ્પિટલ લઈ જનાર તથા લાશો ઓળખી બતાવનાર શાહેદ છે. તેથી આ શાહેદોના પુરાવાના આધારે ફકત એટલું જ સ્પષ્ટ થાય છે કે ફરીયાદી જીતેશ પ્રેમજીભાઈ સાકરીયા તથા નજરે જોનાર શાહેદ નીતીનભાઈ ભુપતભાઈ જીંજરીયાએ જે મુજબનો બનાવ બાબતે પુરાવો આપેલો છે તે હકીકતમાં ધોળકાથી આશરે ૧૦ – ૧૨ કિ.મી. દુર અકસ્માતનો બનાવ બનેલ હતો અને તેમાં છોટા હાથીમાં બેસી પ્રવાસ કરનાર સત્તર લોકો પૈકી ૧૪ જણા સ્થળ ઉપર ગુજરી ગયેલ હતા અને ત્રણ લોકો ફકત ઈજા પામેલ હતા અને હોસ્પિટલમાં લઈ જતા સાજા થઈ ગયેલ હતા. તેથી આ તમામ શાહેદોના પુરાવા મુજબ ફરીયાદ પક્ષના કથન મુજબનો બનાવ બનેલો છે અને તેમાં ફરીયાદ પક્ષના કથન મુજબનો બનાવ બનેલો છે અને તેમાં ફરીયાદ પક્ષના કથન મુજબ ચૌદ જણાનું મૃત્યુ થયેલું અને ત્રણ જણાને ઈજા થયેલ હતી એમ કહી શકાય છે અને નિ:શંકપણે માની શકાય છે.

૧૯. ફરીયાદ પક્ષ તરફે આ સિવાય શાહેદ નં. ૨ તરીકે પંચશાહેદ અબ્દુલકરીમ દસ્તગીર વોરાને તપાસવામાં આવેલ છે. આ શાહેદનો પુરાવો જોતાં એમ કહી શકાય છે કે આ શાહેદે ફરીયાદ પક્ષના કથનને સમર્થન આપવાનો પ્રયત્ન કરેલ છે. તેઓએ પુરાવો આપતા જણાવેલ છે કે તેઓએ તા.૧૫/૧૧/૨૦૧૬ ના રોજ ધોળકા સી.એચ.સી. હોસ્પિટલમાં પોલીસના કહેવાથી ગયેલ હતા. ત્યાં બીજા પંચ મોહનભાઈ રામાભાઈ દેગામા હાજર હતા. સી.એચ.સી. ધોળકાના પી.એમ. રૂમમાં ચૌદ લાશો હતી તે તેઓને જોયેલ હતી અને તેનું ઈન્કવેસ્ટ પંચનામુ પોલીસોએ તેમની રૂબરૂ કરેલ હતું એમ જણાવી તેઓએ આંક–૧૬ થી આ ચૌદ લાશોનું ઈન્કવેસ્ટ પંચનામુ રજુ કરેલ છે. તે જોતાં એમ કહી શકાય છે કે આ શાહેદની રૂબરૂ સી.એચ.સી.ધોળકા હોસ્પિટલના પી.એમ. રૂમમાં મુકવામાં આવેલ ચૌદ જેટલી લાશોનું ઈન્કવેસ્ટ પંચનામુ આ શાહેદની રૂબરૂમાં કરવામાં આવેલું હતું. આ તમામ લાશો ઈજાગ્રસ્ત હતી, તે ઈજાના કારણે તેઓનું મૃત્યુ થયેલુ હતું તેવું

District & Sessions Court Ahmedabad Rural
સત્યમેવ જયતે

પ્રાથમિક દ્રષ્ટ્રિએ પોલીસોએ માનેલ હતું. જયારે શાહેદ નં.૫ તરીકે તપાસવામાં આવેલ શાહેદ પ્રવિણભાઈ વિનુભાઈ જીંજરીયાએ હોસ્પિટલમાં દિપકભાઈ જગદીશભાઈ નામના દશ વર્ષના છોકરાની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ તેઓની રૂબરૂમાં કરવામાં આવેલ તે લાશ બાબુભાઈ ભલાભાઈનાએ ઓળખી બતાવેલ તેમ તેઓએ જણાવેલ હતું અને તે પંચનામુ આંક–૨૨થી રજુ કરેલ છે. આંક–૨૨ થી રજુ થયેલ પંચનામુ જોતાં શાહેદની વિગતોને સમર્થન કરે છે તેમ કહી શકાય છે. તેથી આ બંને ઈન્કવેસ્ટ પંચનામાના પંચશાહેદોના પુરાવા ઉપરથી એમ પણ રેકર્ડ ઉપર આવેલ છે કે આ કહેવાતા બનાવમાં ચૌદ જણા સ્થળ ઉપર જ ગુજરી ગયેલ હતા અને એક દશ વર્ષની ઉંમરનો દિપક નામનો છોકરો પાછળથી સારવાર દરમ્યાન હોસ્પિટલમાં ગુજરી ગયેલ હતો અને આ તમામને ખૂબજ ગંભીર ઈજાઓ નિપજેલ હતી અને તે કારણે તેઓનું મૃત્યુ નિપજેલ હતું.

૨૦. ફરીયાદ પક્ષ તરફે આ સિવાય શાહેદ નં.૩ અને ૪ તરીકે અનુક્રમે મહેશભાઈ ગોવિંદભાઈ પટેલ તથા નવઘણભાઈ મનજીભાઈ મકવાણાને તપાસવામાં આવેલા છે. ફરીયાદ પક્ષના કથન મુજબ આ બંને શાહેદોની રૂબરૂ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરવામાં આવેલ. પરંતુ આ બંને બંને પંચશાહેદોએ ફરીયાદ પક્ષના કથનને સમર્થન આપતો પુરાવો આપેલ નથી અને એમ જણાવેલ છે કે તા.૦૫/૧૧/૨૦૧૬ ના રોજ તેઓ વાલથેરા ગામની સીમમાં આવેલ બીએસએનએલ એક્ષચેન્જ પાસેથી નીકળતો હતો ત્યારે પોલીસોએ તેમને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં તેઓએ સહી કરી આપેલ હતી તેમ જણાવી તેઓએ આંક–૧૯ થી પંચનામુ રજુ કરેલ છે અને તેઓએ એમ પણ જણાવેલું છે કે તેઓની રૂબરૂ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરવામાં આવેલ નથી. આ બંને શાહેદોને પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવાની તક આપવામાં આવેલ પરંતુ આ બંને શાહેદોએ ફરીયાદ પક્ષ તરફેની ઉલટતપાસ દરમ્યાન પણ ફરીયાદ પક્ષના કથનને સમર્થન આપેલ નથી અને ફરીયાદ પક્ષના કથનનો તેઓએ સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. આંક–૧૯નુ પંચનામુ જોવામાં આવે તો તે બનાવવાળી જગ્યા જે ધોળકા બગોદરા હાઈવે ઉપર વાલથેરા ગામની સીમમાં આવેલ બીએસએનએલ

ટેલીફોન એક્ષચેન્જની ઓફીસ નજીક આવેલ છે ત્યાં કરવામાં આવેલું છે. પંચનામામાં બંને વાહનોના નંબર પણ લખવામાં આવેલા છે અને રસ્તા ઉપર જે લોહીના ડાઘા વગેરે પડેલ હતા તે બાબતનો પણ તેમાં ઉલ્લેખ છે. આમ પંચશાહેદોએ તેઓની જે જગ્યા ઉપર પંચનામામાં સહી લીધેલી છે તે જ જગ્યા બનાવવાળી જગ્યા તરીકે દર્શાવવામાં આવેલી છે. વળી ફરીયાદ પક્ષના ફરીયાદી તથા નજરે જોનાર શાહેદ તથા અન્ય શાહેદોએ જે મુજબનો પુરાવો આપેલો છે તે જોતાં આ બનાવ આંક-૧૯ના પંચનામામાં જે જગ્યાનો ગુન્હાવાળી જગ્યા તરીકે ઉલ્લેખ થયેલો છ તે જ જગ્યા ઉપર અકસ્માત થયાનું જણાવ્યું હતું. તેથી પંચ શાહેદોએ પંચનામાની વિગતોને સમર્થન આપેલ ન હોય તો પણ બનાવ ધોળકા બગોદરા હાઈવે ઉપર વાલથેરા ગામની સીમમાં આવેલ બીએસએનએલ ટેલીફોન એક્ષચેન્જની ઓફીસની નજીકમાં બનેલો હતો એવું કહી શકાય છે.

૨૧. ફરીયાદ પક્ષ તરફે આ સિવાય શાહેદ નં.૧૪ થી ૧૭ તરીકે કુલ ચાર તબીબી શાહેદોને તપાસવામાં આવેલ છે જેમાં ડૉ. હેમીન મયુરકુમાર શાહ, ડૉ. અબ્દેરહેમાન મહેમુદભાઈ રાધનપુરી, ડૉ. દિપકભાઈ સર્વેશ્વરપ્રસાદ ગુપ્તા તથા ડૉ. જયેશકુમાર દાનાભાઈ પરમારનો સમાવેશ થાય છે. ફરીયાદ પક્ષના કથન મુજબ આ ચાર તબીબી શાહેદોએ કહેવાતા બનાવમાં મરણજનાર ચૌદ-પંદર લોકોની લાશની પી.એમ.ની કાર્યવાહી કરેલી હતી. ફરીયાદ પક્ષના ઉપરોકત કથનને આ ચારેય શાહેદોએ સમર્થન કરતો પુરાવો આપેલો છે અને જણાવેલું છે કે બનાવ વખતે તેઓ સામુહિક આરોગ્ય કેન્દ્ર ધોળકા તથા વટામણ અને ચલોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, તા.ધોળકામાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ધોળકા પોલીસોએ સામુહિક આરોગ્ય કેન્દ્ર ધોળકા ખાતે ૧૪ લાશો તા.૦૫/૧૧/૨૦૧૬ ના રોજ ઈન્કવેસ્ટ પંચનામા વગેરે સાથે પી.એમ.ની કાર્યવાહી માટે મોકલી આપેલ હતી જે પૈકી કેટલાક ગુજરનાર વ્યકિતઓની પી.એમ.ની કાર્યવાહી તેઓએ કરેલ હતી. તેઓએ લાશો ઉપર શું શું ઈજાઓ હતી તે બાબતે, લાશ કોની હતી તે બાબતે સ્પષ્ટ પુરાવો આપેલો છે અને વધુમાં એમ પણ જણાવેલ છે કે સદરહુ ઈજા પામનારને વાહન અકસ્માતમાં ફ્રેકચર સહીની ગંભીર જીવલેણ ઈજાઓ નિપજેલ હતી અને તે કારણે તેઓનું મૃત્યુ નિપજેલ હતું. આ

District & Sessions Court Ahmedabad Rural सत्यमेव जयते

શાહેદોની જરૂરી ઉલટતપાસ કરવામાં આવેલ છે અને ઉલટ તપાસમાં કબુલાતના આધારે એવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે કે વાહનમાંથી પડી જવાથી આવી ઈજાઓ થઈ શકે તેમ હતી તેમજ વાહન અકસ્માતના કેસમાં મૃત્યુ નિપજનાર વ્યકિતને થતી હોય એવી ઈજાઓ થયેલી હતી. આમ આ શાહેદોએ જે મુજબનો મૌખિક પુરાવો આપેલો છે અન જે ચૌદ–પંદર લોકોની લાશોનું પી.એમ. કરી પી.એમ. ની નોટ રજુ કરેલી છે તે જોતાં એમ કહી શકાય છે કે ફરીયાદ પક્ષના કથનને અને અન્ય શાહેદોના મૌખિક પુરાવાને આ તબીબી શાહેદોના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું જરૂરી સમર્થન પ્રાપ્ત થાય છે અને તે આધારે એમ નિ:શંકપણે માની શકાય છે કે આ કહેવાતા બનાવમાં ચૌદ–પંદર વ્યકિતઓને ગંભીર પ્રકારે ઈજાઓ થતા તે પૈકી ચૌદ જણા સ્થળ ઉપર ગુજરી ગયેલ હતા અને એક વ્યકિતનું મૃત્યુ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન નિપજેલું હતું. આ તમામને ફ્રેકચર સહની ગંભીર ઈજાઓ થયેલી હતી અને તે ઈજાઓ વાહન અકસ્માતમાં થઈ શકે તેવી હતી.

૨૨. ફરીયાદ પક્ષ તરફે ગુજરનારની પી.એમ. નોટ આ શાહેદોના મૌખિક પુરાવાના આધારે તથા કેટલીક પી.એમ. નોટ આરોપીની કબુલાતના આધારે રજુ કરવામાં આવેલી છે. તેથી પી.એમ. નોટમાં જે જણાવેલી વિગતો છે તે બાબતે કોઈ વિશેષ તકરાર નથી એમ કહી શકાય છે. તેથી તબીબી શાહેદોએ જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે તે જોતાં ફરીયાદ પક્ષના કથનને જરૂરી સમર્થન પ્રાપ્ત થાય છે એવું કહી શકાય છે.

૨૩. ફરીયાદ પક્ષ તરફે આ સિવાય શાહેદ નં.૬ અને ૭ તરીકે બે પંચશાહેદોને તપાસવામાં આવેલ છે. આ બંને પંચશાહેદો ઈકબાલભાઈ ઉસ્માનભાઈ ખોરજીયા તથા ઉસ્માનભાઈ હસનભાઈ વડાવીયાનાઓ છે. ફરીયાદ પક્ષના કથન મુજબ આ બંને પંચશાહેદો રૂબરૂ આરોપીની શરીરસ્થિતિનું તથા અટકનું પંચનામુ કરવામાં આવેલ હતું. પરંતુ આ બંને પંચશાહેદોએ ફરીયાદ પક્ષના કથનને સમર્થન આપેલ નથી અને તઓએ એવો પુરાવો આપેલો છે કે તેઓ ધંધુકાથી ધોળકા જતા હતા ત્યારે રસ્તામાં હોટલ ઉપર ચા પીતા હતા ત્યારે રસ્તામાં

પોલીસોએ તૈયાર પંચનામામાં સહીઓ લીધેલી હતી અને તેઓની રૂબરૂ કોઈ પંચનામુ કરવામાં આવેલ નથી અને તેઓ આરોપીને ઓળખતા નથી. સદરહુ બંને પંચશાહેદોને પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને પી.પી.શ્રીને ઉલટ તપાસ કરવાની તક આપવામાં આવેલ પરંતુ આ બંને પંચશાહેદોએ ઉલટ તપાસમાં પણ તેઓએ આપેલ મૌખિક પુરાવાને વળગી રહેલ છે. તેથી એમ કહી શકાય છે કે આ બંને પંચશાહેદોની રૂબરૂમાં આરોપીની શરીરસ્થિતિનું પંચનામુ કરી અટક કરવામાં આવેલ નથી અને ફકત તૈયાર પંચનામા ઉપર પોલીસોએ આ બંને પંચશાહેદોની સહીઓ મેળવી લીધેલી છે.

૨૪. ફરીયાદ પક્ષ તરફે આ સિવાય ચાર જેટલા પોલીસ શાહેદોને તપાસવામાં આવેલા છે. જે પૈકી શાહેદ નં.૧૮ તરીકે તપાસવામાં આવેલ એ.એસ.આઈ. રણજીતસિંહ રાઠોડે ફકત ફરીયાદના આધારે ગુન્હો દાખલ કરેલ હોવાનો પુરાવો આપેલો છે, જયારે શાહેદ નં.૨૦ તરીકે તપાસવામાં આવેલ પી.આઈ. કરશનભાઈ વાલજીભાઈ દાફડાએ ફકત ફરીયાદ લીધેલ હોવાનો પુરાવો આપેલ છે. જયારે શાહેદ નં.૨૧ તરીકે તપાસવામાં આવેલ શાહેદ પી.એસ.આઈ. અજય બેચરભાઈ વોરા બનાવવાળી જગ્યાએ જઈ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ અને લાશોને પી.એમ.ની કાર્યવાહી માટે મોકલી આપેલ એવા સ્વરૂપનો પુરાવો આપેલો છે. જયારે ફરીયાદ પક્ષના કથન મુજબ શાહેદ નં.૨૨ તરીકે તપાસવામાં આવેલ શાહેદ પી.આઈ. સ્મિતેષભાઈ ઘનશ્યામભાઈ સોલંકીએ આ ગુન્હાની તપાસ કરેલ હોવાનો પુરાવો આપેલો છે. આ શાહેદ ફરીયાદ પક્ષના કથનને અનુરૂપ પુરાવો આપતા જણાવેલ છે કે તેઓ બનાવ વખતે ધોળકા ખાતે સર્કલ પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા અને આ કામનો ગુન્હો ધોળકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હતો જેની ફરીયાદ ધોળકા પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.વી.દાફડાએ હોસ્પિટલે જઈ લીધેલી હતી અને અકસ્માતમાં ચૌદ જેટલા મૃત્યુ પામેલ હતા અને તેઓની લાશોનું ઈન્કવેસ્ટ પંચનામુ પી.એસ.આઈ. એ.બી.વોરાએ કરેલું અને તમામ લાશોને પી.એમ.ની કાર્યવાહી માટે મોકલી હતી. ત્યારબાદ તેઓને ગુન્હાની તપાસ મળતાં સદરહુ બનાવવાળી જગ્યા બગોદરા બાવળા હાઈવે ઉપર વાલથેરા ગામ નજીક આવેલ તેમ જણાવી તેઓએ આંક–૧૯ થી

ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ તે સ્થળ ઉપર કરેલાનો પુરાવો આપેલો છે. અને વધુમાં એમ પણ જણાવેલ છે કે તા.૦૭/૧૧/૨૦૧૬ ના રોજ રહીમ ઉર્ફે મહેબુબભાઈ તેના માલિક સાથે હાજર થતાં પંચોને બોલાવી આરોપીની શરીરસ્થિતિનું પંચનામુ કરી તેઓને અટક કરેલ તે આંક–૨૪થી પંચનામુ રજુ કરેલ છે અને તેઓએ તપાસ દરમ્યાન ઈજા પામનાર તથા અન્ય સાક્ષીઓના નિવેદન લીધેલા અને અકસ્માતમાં સંડોવાયેલ વાહનોની આર.સી.બુક, વગેરે જેવા દસ્તાવેજી પુરાવા મેળવેલ, અકસ્માતમાં મરણજનારની પી.એમ.નોટ મેળવેલ, ઈજા પામનારના સર્ટીફીકેટ મેળવેલ અને ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૦૪, ૩૩૭, ૩૩૮ વગેરેના ગુન્હાનું ચાર્જશીટ તૈયાર કરી કોર્ટમાં દાખલ કરેલું. તેઓએ તપાસ દરમ્યાન વિનુભાઈ વીરજીભાઈ રાઠોડનું નિવેદન લીધેલું હતું. તેઓએ જણાવેલ હતું કે બનાવ વખતે તેઓ ઘરના બધા સુતા હતા ત્યારે તેઓના દીકરા મુકેશભાઈએ જગાડેલ અને સુરેશભાઈનો ફોન આવેલો એમ જણાવેલ અને એમ પણ જણાવેલ કે ભાઈ જીતેશે ફોન કરેલ ત્યારે બનાવની જાણ કરેલી અને ત્યારબાદ તેઓએ ગામના બીજા લોકોને બનાવની જાણ કરેલી.

૨૫. આમ આ શાહેદે તપાસ કેવી રીતે કરેલ અને તપાસમાં શું શું કામગીરી કરેલી તે બાબતનો પુરાવો આપેલો છે. સદરહુ શાહેદની આરોપી તરફે જરૂરી ઉલટ તપાસ કરવામાં આવેલી છે અને ઉલટતપાસમાં એવી વિગતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે કે તા.૦૮/૧૧/૨૦૧૬ ના રોજ તેઓએ જીતેશભાઈ પ્રેમજીભાઈ કોળીપટેલનું નિવેદન લીધેલ હતું. તેઓ બનાવ વખતે છોટા હાથીના બોડીના ભાગમાં બેસેલ હતા અને બોડીમાં બેસેલ વ્યકિત સામેથી આવતું વાહન જોઈ શકે નહિ તેમજ સદરહુ જીતેશે જણાવેલું હતું કે ટ્રક નં. જી.જે.૩ એ એકસ–૫૫૩૪ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી એકસીડન્ટ કરેલ છે અને સદરહુ જીતેશે બીજા વાહનનો ઉલ્લેખ કરેલ નથી. ઉલટ તપાસમાં શાહેદે કબુલાતના આધારે એમ પણ જણાવેલ કે છોટા હાથી જેવા ટ્રાન્સપોર્ટ વાહનમાં પેસેન્જરો ભરવા ગુન્હો છે. તપાસ દરમ્યાન તેઓએ છોટા હાથીના ડ્રાઈવરનું ડ્રાઈવીંગ લાયસન્સ મેળવેલ નથી. બનાવ રાત્રીના અંધારામાં બનેલ છે. બનાવ સ્થળે કોઈ રોડ

ડીવાઈડર ન હતા. બનાવવાળો રસ્તો અવરજવરવાળો હતો. રાત્રીના સમયે વાહન અકસ્માત થાય ત્યારે ટોળું ભેગું થઈ જાય છે અને કયા વાહનમાંથી કોણ આવેલું તે ખબર પડે નહિ. તેઓએ એમ પણ જણાવેલ છે કે તેઓના માનવા મુજબ જી.જે.૦૩ એ.એકસ ૫૫૩૪ ના વાહનચાલકે પુઝડપે વાહન ચલાવેલ તેના કારણે અકસ્માત થયેલો છે. આમ આ શાહેદોએ આરોપી તરફેની ઉલટ તપાસમાં જે વિગતો જણાવેલી છે તે જોતાં એવું કહી શકાય છે કે ફરીયાદી જીતેશે ગાડી નં. જી.જે.૩ એ.એકસ ૫૫૩૪ ના ડ્રાઈવરની બેદરકારીના કારણે બનાવ બનેલાનું જણાવેલ હતું તેમજ તપાસ કરનાર અમલદારના માનવા મુજબ પણ તે જ વાહનના ચાલકે બેદરકારી અને ગફલતભરી રીતે વાહન ચલાવવાના કારણે અકસ્માત થયેલ હતો. જેમાં ફરીયાદ પક્ષના કથન મુજબ આ કામના આરોપી ટ્રક નં. જી.જે.૩૬ ટી–૮૪૫૧ ના ચાલક છે. પરંતુ આ કામના આરોપી સદરહુ ટ્રક બનાવ વખતે ચાલક હતા તે પણ ફરીયાદ પક્ષે જોઈએ તેટલા સ્પષ્ટ અને વિશ્વાસપાત્ર પુરાવા રજુ કરીને પુરવાર કરેલ નથી એમ પણ કહી શકાય છે.

૨૬. ફરીયાદ પક્ષ તરફે જે ઉપરોકત શાહેદોને તપાસવામાં આવેલ છે તે પૈકી કોઈએ પણ એમ જણાવેલ નથી કે બનાવમાં સંડોવાયેલ ટ્રક નં. જી.જે.૩૬ ટી–૮૪૫૧ નું વાહન આ કામના આરોપી ચલાવતા હતા અને તેઓએ તેમને જોયેલ હતા. જયારે તપાસ કરનાર અમલદારની તપાસ મુજબ આરોપી જાતે તેઓના માલિક સાથે પોલીસ સ્ટેશનમાં હાજર થતા તેઓએ તેઓને અટક કરી લીધેલ હતા. તપાસ કરનાર અમલદારનો આ પુરાવો માનવા જોગ છે એમ માની લેવામાં આવે તો પણ હાજર થનાર વ્યકિત બનાવમાં સંડોવાયેલ ટ્રકના ડ્રાઈવર તરીકે ફરજ પર હતા કે કેમ તે માનવું ન જોઈએ અને તે માટે જરૂરી પુરાવો ભેગો કરવો જરૂરી બની રહે છે. આ કામમાં સદરહુ ટ્રકના માલિકને કે કોઈપણ અન્ય શાહેદને સાક્ષી તરીકે તપાસીને એવું પુરવાર કરવામાં આવેલ નથી કે સદરહુ ટ્રક બનાવવાળા અરસામાં આ કામના આરોપી જ ચલાવતા હતા. તેથી આ કામના તપાસ કરનાર અમલદારના પુરાવા મુજબ આરોપી જાતે હાજર થતા તેઓને અટક કરેલ છે તેટલા પુરાવાથી એમ નિ:શંકપણે માની શકાય નહિ કે આ કામના આરોપી સદરહુ ટ્રક બનાવ

વખતે ચલાવતા હતા. વળી જયારે તપાસ કરનાર અમલદારે તેઓના માનવા મુજબ આ બનાવ છોટા હાથી વાહનના ચાલકની બેદરકારી અને ગફલતભરી રીતે હંકારવાના કારણે બનેલ હતો એવું માનેલ હતું એવો પુરાવો આપેલ છે તેમ છતાં તેઓએ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલું છે. તે જોતાં આ શાહેદે યોગ્ય રીતે તપાસ કર્યા વગર જ અને પોતાની માન્યતા વિરૂધ્ધ પણ આ કામના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરેલું છે એમ કહી શકાય છે.

૨૭. ફરીયાદ પક્ષ તરફે જે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે તેનો સમગ્ર પણે અને એકત્રપણે વિચાર કરતાં એમ નિ:શંકપણે કહી શકાય છે કે આ કહેવાતો બનાવ બે વાહનો એકબીજા સાથે અથડાઈ જતાં બનેલ હતો અને તેમાં છોટા હાથીમાં બેસીને પ્રવાસ કરનાર ૧૭ લોકો પૈકી ૧૪ લોકોનું મોત સ્થળ ઉપર જ નિપજી ગયેલ હતું અને એક વ્યકિતનું મૃત્યુ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન નિપજેલ હતું અને સદરહુ બનાવ છોટાહાથી વાહન ચાલકની બેદરકારીના કારણે બનેલ હતો એમ કહી શકાય છે. આવા સંજોગોમાં એમ પણ કહી શકાય છે કે આવા પ્રકારના બનાવના કારણે ઈ.પી.કો.કલમ–૩૦૪(અ) નો ગુન્હો બનેલ હતો અને ઈ.પી.કો.કલમ–૩૦૪ નો ગુન્હો એટલે સાપરાધ મનુષ્ય વધનો ગુન્હો બનેલ નહતો અને તેવા સંજોગો કે પુરાવા ન હતા પરંતુ બનાવમાં ચૌદ જેટલા વ્યકિતોનું મૃત્યુ નિપજેલ હોવાના કારણે પોલીસોએ ઈ.પી.કો.કલમ–૩૦૪ નો એટલેકે સાપરાધ મનુષ્ય વધનો ગુન્હો નોંધેલો.

૨૮. ઈ.પી.કો.કલમ–૩૦૪ નો ગુન્હો વાહન અકસ્માત જેવા પ્રથમ દર્શનીય બનાવમાં ત્યારે જ નોંધી શકાય અથવા તો તે કલમનો ઉમેરો કરી શકાય કે જયારે વાહન અકસ્માત સર્જનાર વ્યકિત એટલેકે ડ્રાઈવર કે અન્ય વ્યકિત જેને આ બનાવ બનવા માટે મદદગારી કરેલી હોય તેઓ અને બનાવમાં ઈજા પામનાર કે મૃત્યુ નિપજનાર વ્યકિત વચ્ચે અગાઉથી કોઈ દુશ્મનાવટ કે વૈમનસ્ય હોય અને તે વ્યકિતનો ઈરાદો ગુજરનાર વ્યકિતનું મૃત્યુ નિપજાવવાનો હોય. પરંતુ આ કામમાં ઈજા પામનાર અને મૃત્યુ નિપજનાર વ્યકિત અને અકસ્માતમાં સંડોવાયેલ અન્ય વાહન જી.જે.૩૬ ટી–૮૪૫૧ ના ડ્રાઈવર કે માલિક વચ્ચે કોઈપણ

દુશ્મનાવટ કે વૈમનસ્ય હોવાનું ફરીયાદ પક્ષનું કથન નથી અને તેવો પુરાવો પણ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી તેમ હોવા છતાં આ બનાવ હકીકતમાં ઈ.પી.કો. કલમ–૩૦૪(અ) ના ગુન્હામાં પડતો હોવા છતાં ખોટી રીતે ઈ.પી.કો.કલમ –૩૦૪ સાપરાધ મનુષ્ય વધનો ગુન્હો નોંધીને તે ગુન્હા બાબતનું ચાર્જશીટ રજુ કરીને આ કેસ ઉભો કરવામાં આવેલો છે તેવું મારું માનવું છે. જયારે ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪, ૧૩૪(બી) વગેરે લાગુ પાડવામાં આવેલ હોય ત્યારે કોઈપણ સંજોગોમાં ઈ.પી.કો. કલમ–૩૦૪ નો ગુન્હો બનતો નથી અને જો બનાવમાં વ્યકિતનું મૃત્યુ નિપજેલ હોય તો ઈ.પી.કો. કલમ–૩૦૪(અ) જ લગાવી શકાય છે.

૨૯. જયારે ફરીયાદ પક્ષનું એવું કથન હોય કે વાહન અકસ્માત સામેવાળી વ્યકિતનું મૃત્યુ નિપજાવવાના ઈરાદે જાણી જોઈને સર્જવામાં આવેલ છે અને તેમ આક્ષેપ કરવામાં આવેલ હોય, અને અકસ્માત કરનાર કે કરાવનાર વ્યકિત અને મૃત્યુ નિપજનાર વ્યકિત વચ્ચે અગાઉથી વૈમનસ્ય કે દુશ્મનાવટ ચાલતી આવેલ છે એવા પુરાવો મળી આવતા હોય તો તેવા જ કિસ્સામાં ઈ.પી.કો.કલમ –૩૦૪(અ) ના બદલે ઈ.પી.કો.કલમ–૩૦૪ એટલે સાપરાધ મનુષ્ય વધ બાબતનો ગુન્હો નોંધી શકાય છે અને જરૂરી પુરાવા સાથે ઈ.પી.કો.કલમ–૩૦૪ ના ગુન્હાનું ચાર્જશીટ પણ રજુ કરી શકાય છે. આવા પ્રકારના કેસમાં ઈ.પી.કો.કલમ –૨૭૯, ૩૩૭, ૩૩૮ કે ૩૦૪(અ) લગાવવાની જરૂરિયાત રહેતી નથી અને આવી કલમો લગાવવી ન જોઈએ જે અમુક કલમો નિષ્કાળજી કે બેદરકારી બાબતની હોય અને અમુક કલમો ઈરાદાપૂર્વકના કૃત્યની હોય. કારણકે સંપૂર્ણ કેસ એક તો ઈરાદાપૂર્વકનો અથવા તો બેદરકારી અને નિષ્કાળજી બાબતનો બની શકે છે. અડધો કેસ ઈરાદાપૂર્વકનો અને અડધો કેસ બેદરકારી કે નિષ્કાળજીપૂર્વકનો હોઈ શકે નહિ. પરંતુ આ કેસમાં ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ– ૧૭૭, ૧૮૮, ૧૩૪(બી) સાથે ઈ.પી.કો.કલમ–૩૦૪ નો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેથી અડધો કેસ ઈરાદાપૂર્વક કરેલ કૃત્ય બાબતે અને અડધો કેસ નિષ્કાળજી અને બેદરકારીપણે કરેલ કૃત્ય બાબતનો

છે જે યોગ્ય નથી.

૩૦. આ કેસમાં ઈ.પી.કો.કલમ–૩૦૪ એટલે સાપરાધ મનુષ્ય વધનો ગુન્હો દાખલ કરવામાં આવેલો છે. પરંતુ તે માટે ઉપર જણાવ્યા મુજબનો કોઈપણ પુરાવો ભેગો કરવામાં આવેલ નથી. તેથી સદરહુ કેસ મૂળત: ઈ.પી.કો.કલમ–૩૦૪(અ) નો જ હતો એવું કહી શકાય છે તેમ છતાં ખોટી રીતે અને કદાચ કાયદાની અજ્ઞાનતાના કારણે ઈ.પી.કો.કલમ–૩૦૪(અ) ના બદલે ૩૦૪ નો ગુન્હો નોંધી ચાર્જશીટ કરવામાં આવેલ છે એમ મારું માનવું છે.

૩૧. સદરહુ બનાવ વાહન અકસ્માતનો અને ઈ.પી.કો.કલમ–૩૦૪(અ)નો હોવા છતાં આ કામના આરોપીને આ બનાવ સાથે સાંકળતો કોઈપણ સ્પષ્ટ અને વિશ્વાસપાત્ર પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ નથી. આવા સંજોગોમાં આ કામના આરોપીએ ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪,૧૩૪(બી) પૈકીનો કોઈપણ ગુન્હો કરેલ નથી અને ફરીયાદ પક્ષે આવી કોઈપણ હકીકત પુરવાર કરેલ નથી એમ મારું માનવું છે અને એવા નિર્ણય ઉપર આવું છું. તેથી આરોપી તરફેની રજુઆતમાં ઘણું ખરું તથ્ય છે અને પી.પી. તરફેની રજુઆત માનવાલાયક નથી અને તેથી મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં આપવામાં આવેલ છે અને મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>:: આખરી હુકમ ::</u>

આ કામના આરોપી રહીમ ઉર્ફે મહેબુબભાઈ અહમદભાઈ, રહે. ચંન્દ્રપુર, ભાટીયા સોસાયટી, વાંકાનેર, તા.વાંકાનેર, જી.મોરબી.નાઓને સેશન્સ કેસ નં. ૧૫૦/૨૦૧૭ તથા કોઠ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુન્હા રજી. નં.૬૪/૨૦૧૬ ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ –૨૭૯, ૩૦૪, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના ગુન્હાના તહોમતમાંથી જરૂરી પુરાવાના અભાવે તથા પુરાવા પરથી ઉભી થતી વ્યાજબી શંકાનો લાભ આપી, ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૫ (૧) મુજબ નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૩૭(એ) મુજબ અપીલ થવાના પ્રસંગે એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેશે તેવી ખાતરી માટે રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આપવાના રહેશે.

હુકમ આજ તારીખ ૯મી માહે સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૧૯ (કૈલાસ બુધેલાલ ગુજરાથી)
અમદાવાદ. સેશન્સ જજ, અમદાવાદ(ગ્રામ્ય)
**[Code: GJ00097]**

યુ.એ.પંડયા, પી.એ.

District & Sessions Court
सत्यमेव जयते
Ahmedabad[Rural]